પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૮૬ | ૬ જુન, ૨૦૧૯, ગુરૂવાર; જ્યેષ્ઠ સુદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# મોદી સરકાર એક્શન મોડમાં

## રોજગાર, રોકાણ અને વિકાસને વધારવા બે કમિટીની રચના

**આર્થિક મંદી અને વધતી બેરોજગારી વચ્ચે બે કેબિનેટ કમિટી બની : બન્ને કમિટીનુ નેતૃત્વ વડાપ્રધાન મોદી જ કરશે : રોકાણ અને વિકાસ અંગેની કમિટીમાં પાંચ સભ્યો અને રોજગાર અંગેની કમિટીમાં દસ સભ્યોનો સમાવેશ**

નવી દિલ્હી,તા. ૫

આર્થિક મંદી અને વધતી જતી બેરોજગારી વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે તેમના નેતૃત્વ હેઠળ બે નવી કેબિનેટ કમિટીની રચના કરી હતી. આર્થિક વિકાસને વધારવા, મુડી રોકાણને વધારવા અને રોજગારીને વધારાવાના હેતુસર આ બે નવી કમિટીની રચના કરવામાં આવી છે. મુડી રોકાણ અને વિકાસ અંગેની પાંચ સભ્યોની નવી કમિટીમાં ગૃહમંત્રી અમિત શાહ, નાણાંમંત્રી નિર્મલા સીતારામન, માર્ગ પરિવહન મંત્રી નિતિન ગડકરી અને રેલ્વે મંત્રી પિયુષ ગોયલનો સમાવેશ થાય છે. આવી જ રીતે રોજગાર અને સ્કિલ ડેવલપમેન્ટ અંગેની દસ સભ્યોની કેબિનેટ સમિટીમાં અમિત શાહ, નિર્મલા સીતારામન, ગોયલ, કૃષિ અને ખેડુત કલ્યાણ મંત્રી નરેન્દ્ર સિંહ તોમર, માનવ સંસાધન વિકાસ મંત્રી રમેશ પોખરિયાલ, પેટ્રોલિયમ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન, મંત્રી મહેન્દ્રનાથ પાંડે, મંત્રી સતોષ કુમાર ગંગવાર, આવાસ અને શહેરી વિકાસ પ્રધાન હરદીપ સિંહ પુરીનો સમાવેશ થાય છે. આવી જ રીતે અર્થતંત્રમાં નવા પ્રાણ ફુંકવા માટે મોદીએ જોરદાર તૈયારી કરી છે. નવી સરકાર માટે ચિંતાજનક બાબત વિકાસને લઈને રહેલી છે. કારણ કે, જીડીપીનો દર માર્ચ મહિનામાં ઘટીને ૫.૮ ટકા થઈ ગયો છે. છેલ્લા નાણાંકીય વર્ષમાં એકંદરે જીડીપીનો દર ૭.૨ ટકાના ટાર્ગેટ સામે ૬.૮ ટકા રહ્યો હતો. આવી સ્થિતિમાં અર્થતંત્રમાં

● અનુસંધાન પાન-૭ પર



## વ્યાજદરમાં ઘટાડાના સંદર્ભમાં આજે નિર્ણય

**વ્યાજદરમાં ઘટાડો કરવામાં આવે તેવી સંભાવના : આરબીઆઈ પોલીસી સમીક્ષાની બેઠક જારી**

મુંબઈ, તા. ૫

જેની ઉત્સુકતાપૂર્વક શેરબજાર અને કોર્પોરેટ જગતના લોકો રાહ જોઈ રહ્યા છે તે આરબીઆઈની પોલિસી સમીક્ષાની મિટિંગના પરિણામ આવતીકાલે જાહેર કરવામાં આવનાર છે. વ્યાજદરમાં કોઈ ઘટાડો કરવામાં આવશે કે કેમ તેને લઈને આવતીકાલે નિર્ણય લેવાશે. મોટા ભાગના અર્થશાસ્ત્રીઓ માની રહ્યા છે કે, વ્યાજદરમાં ૨૫ બેઝિક પોઈન્ટનો ઘટાડો કરવામાં આવશે. મોટાભાગના અર્થશાસ્ત્રીઓ માની રહ્યા છે કે, વ્યાજદરમાં ઘટાડો કરવામાં આવ્યા બાદ લોન સસ્તી થશે. ૬ સભ્યોની પોલિસી સમીક્ષાની બેઠક આજે બીજા દિવસે પણ જારી રહી હતી. હવે આવતીકાલે પરિણામ જાહેર કરવામાં આવશે. ગુરુવારના દિવસે પોલિસી રેટના સંદર્ભમાં અંતિમ નિર્ણય કરવામાં આવશે. નાણાંકીય વર્ષ ૨૦૨૦ની તેની બીજી દ્વિમાસિક પોલિસી સમીક્ષામાં વ્યાજદરના સંદર્ભમાં નિર્ણય લેવામાં આવશે. મોટાભાગના કારોબારીઓ અને બજાર સાથે જોડાયેલા લોકોનો મત છે કે, સામાન્ય ચૂંટમીમાં એનડીએની પ્રચંડ જીત થયા બાદ વ્યાજદરમાં વધુ એક વખત ઘટાડો કરવામાં આવશે. ઉપરાંત ચોથા ત્રિમાસિક ગાળાના જીડીપીના આંકડા જારી કરવામાં આવી ચુક્યા છે જે દર્શાવે છે કે, હાલમાં મંદીનો માહોલ રહેલો છે. એણપીસીની બેઠકમાં આ બાબતની ખાતરી કરવામાં આવશે હાલમાં વ્યાજદરમાં કરવામાં આવેલા ઘટાડાનો લાભ બેંકોએસામાન્ય લોકોને આપ્યો છે કેમ. જો વ્યાજદરમાં ફરી ઘટાડો કરવામાં આવશે તો બેંક, ઓટો અને રિયાલીટીના શેરમાં તેજી આવી શકે છે. કારણ કે, લોન વધુ સસ્તી થશે અને લોકો ઓટો અને રિયાલીટીના શેર તરફ ફરી એકવાર આકર્ષિત થઈ શકે છે. હાલમાં રેટમાં બે વખત ઘટાડો કરવામાં આવી ચુક્યો છે. વ્યાજદરના સંદર્ભમાં ઉદ્યોગ જગતની પણ ચાંપતી નજર રહેલી છે.

# પાકિસ્તાને હવાઈ ક્ષેત્ર પરથી પ્રતિબંધ હટાવ્યો

**ઈદ મુબારક સાથે ઈન્ડિગો વિમાન સુરક્ષિત રીતે દિલ્હી પરત : પાકિસ્તાનના રસ્તાથી ભારતીય વિમાન દિલ્હીમાં પરત : ૨૭મી ફેબ્રુઆરીના દિવસે પાકિસ્તાને તેના બધા ૧૧ એન્ટ્રી પોઈન્ટ પર પ્રતિબંધ મુકી દીધો હતો**

ઈસ્લામાબાદ,તા. ૫

પાકિસ્તાન દ્વારા ભારતીય વિમાનો માટે પોતાના હવાઈ ક્ષેત્ર પર મુકવામાં આવેલા પ્રતિબંધને આખરે ઉઠાવી લીધા બાદ પ્રથમ વિમાનવ પાકિસ્તાનના રસ્તા પરથી દિલ્હીમાં ઉતરાણ કરતા આને લઈને ચાલી રહેલી અટકળોનો અંત આવ્યો હતો.પાકિસ્તાનના રસ્તાથી ભારતીય વિમાન દિલ્હીમાં આવ્યા બાદ રાહત થઈ હતી. દુબઈથી દિલ્હીની વચ્ચે ઉડાણ ભરનાર ઈન્ડિગોના વિમાનની દિલ્હી વિમાનીમથકે પહોંચ્યા બાદ તરત જ ઈન્ડીગો ફ્લાઈટ ઓપરેશન સેન્ટરને કોલ આવ્યો હતો. પાકિસ્તાને અમદાવાદની નજીક ટેલેમ એન્ટ્રી પોઈન્ટને રવિવારની સાંજે પોતાની તરફથી ખોલી દેવાની જાહેરાત કરી હતી. કોલ કરનાર શખ્સ પાકિસ્તાન સિવિલ એવિએશન ઓથોરિટીના નિર્દેશક હતા. તેઓએ કોલ રિસીવ કરનાર ઈન્ડીગોના ડેપ્યુટી ઓફિસરને ઈદની શુભેચ્છા પાઠવી હતી. તમામ લોકો સારી રીતે જાણે છે કે બાલાકોટમાં ત્રાસવાદીઓના અડ્ડા પર હુમલા કરવામાં આવ્યા બાદ ૨૭મી ફેબ્રુઆરીના દિવસે એવા તમામ એન્ટ્રી પોઈન્ટને પાકિસ્તાને બંધ કરી દીધા હતા. આ એન્ટ્રી પોઈન્ટ મારફતે ભારતીય વિમાન પાકિસ્તાનની હવાઈ સીમામાં પ્રવેશ કરતા હતા. ત્યારબાદ દિલ્હી

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

### દુનિયાના સૌથી વધારે ટ્રાફિકમાં મુંબઈ નંબર-૧

મુંબઈ દુનિયાનું સૌથી વધું ટ્રાફિક વાળું શહેર છે. આ વાત ૫૬ દેશોના ૪૦૩ શહેરોની ટ્રાફિક અને ભીડભાડ પર તૈયાર કરાયેલા રિપોર્ટ બાદ સામે આવી છે. મુંબઈમાં લોકોને તેમના લક્ષ્ય સુધી પહોંચવા માટે ૬૫%થી વધારે સમય લાગે છે. આ લિસ્ટમાં ૫૮% સાથે દિલ્હી ચોથા નંબરે છે. આ રિપોર્ટ લોકેશન ટેક્નોલોજી કંપની ટોમટોમે તૈયાર કરી છે. જે એપલ અને ઉબેરના નવા નકશાઓ તૈયાર કરે છે. રિપોર્ટ પ્રમાણે, ટ્રાફિક દબાણના મામલમાં કોલંબિયાની રાજધાની બોગોટા(૬૩%) બીજા નંબરે, પેરુની રાજધાની લીમા (૫૮%)ત્રીજા અને રશિયાની રાજધાની મોસ્કો (૫૬%)પાંચમાં ક્રમે છે. કંપનીએ આ રિપોર્ટ સૌથી વધારે ટ્રાફિક દરમિયાન લોકોને કેટલો વધારે સમય લાગે છે, તેના આધાર પર તૈયાર કર્યો છે.

# મમતા બેનર્જી આગબબૂલા : અમારી સાથે ટકરાશે તેમના ભૂકેભૂકા થઈ જશે

**બંગાળમાં કોઈને ગભરાવાની જરૂર નથી, ભાજપ વાળા જલ્દી જ અહીંથી ભાગી જશે : ત્યાગનું નામ હિન્દુ અને ઈમાનનું નામ મુસલમાન છે, જો ડરતે હૈ વો મરતે હૈ, જો લડતે હૈ વો હી કામયાબ હોતે હૈ' : મમતા બેનરજી**

કોલકાત્તા,તા.૫

પશ્ચિમ બંગાળના સીએમ અને તૃણમૂલ કોંગ્રેસના અધ્યક્ષ



મમતા બેનર્જીએ ભાજપને ધમકી આપી છે. તેમણે જણાવ્યુ કે, જે અમારી સાથે ટકરાશે તેમને ચૂર-ચૂક કરી દેવામાં આવશે. મમતા બેનર્જીએ આ પ્રકારનું નિવેદન કોલકત્તામાં આયોજિત ઈદના એક કાર્યક્રમમાં આપ્યુ.

તેમણે જણાવ્યુ કે, ઈદ નવી સવાર લઈને આવી છે. આપણને કોઈ રોકી શકે તેમ નથી. આપણે મજબૂતાઈ સાથે લડવાનુ છે. જે ડરે છે તેનુ મોત થાય છે, જેથી આપણે સાથે મળીને લડાઈ લડવાની છે. અને વિરોધીઓનો મુકબલો કરવાનો છે. સાથે જ તેમણે જણાવ્યુ હતુકે, ત્યાગનું નામ હિંદુ છે, ઈમાનનું નામ મુસલમાન છે, પ્રેમનું નામ માણસ છે અને સિખોનું નામ બલિદાન છે. બંગાળમાં કોઈને ડરવાની જરૂર નથી. તેમણે કહ્યું કે, અમે હિન્દુ, મુસ્લિમ, શીખ અને ઈસાઈ તમામ ધર્મોની રક્ષા કરીશું.

મમતાએ આગળ કહ્યુ હતુકે, ન્યાયાધીશ લાખોવાર ખરાબ ઈચ્છે તો શું છે, જે ખુદાને મંજૂર છે આખરે એજ થાય છે. ક્યારેક જ્યારે સુરજ ઉગે છે, તે તેની કિરણો કઠાર હોય છે, પરંતુ બાદમાં તે દૂર થઈ જાય છે. ડરશો નહી, જેટલી તેજીથી તેઓએ ઈફ્ર ઉપર કબ્જો કર્યો હતો, એટલી જ તેજીથી તેઓ ચાલ્યા પણ જશે.

## મમતા સરકાર વધુ દિવસ નથી ટકાવાની : બાબુલ સુપ્રિયો

ન્યુ દિલ્હી,તા.૫

કેન્દ્રીય પ્રધાન બાબુલ સુપ્રીયોએ પશ્ચિમ બંગાળના સીએમ મમતા બેનર્જી પર પ્રહાર કરતા જણાવ્યુ કે, બંગાળમાં હિંસાનું વાતવરણ પેદા કરવામાં આવ્યુ છે. જેના માટે જવાબદાર મમતા બેનર્જી છે. મમતા બેનર્જી અને તેમના ભત્રીજા જયશ્રી રામના નારાથી ડરી ગયા છે. પશ્ચિમ બંગાળમાં ટીએમસીની સત્તા હવે વધારે દિવસ સુધી રહેવાની નથી. જનતા હવે હિંસાથી મુક્તિ ઈચ્છે છે. જેથી બંગાળમાં દીદીના દિવસો ટુકા થવાના છે.

## લાપતા એએન-૩૨ વિમાન અંગે હજુય ભાળ મળી નથી

ગુવાહાટી, તા. ૫

ભારતીય હવાઈ દળના લાપતા થયેલા એએન-૩૨ વિમાનની યુદ્ધસ્તર પર શોધખોળ ચાલી રહી છે ત્યારે હજુ સુધી આ વિમાનના સંદર્ભમાં કોઈ માહિતી મળી શકી નથી. વ્યાપક તપાસ ચાલી રહી હોવા છતાં કોઈ પુરાવા હાથ લાગ્યા નથી. આ વિમાન અરૂણાચલ પ્રદેશમાં ચીન સરહદ નજીક બે દિવસ પહેલા લાપતા થઈ ગયું હતું. વિમાનમાં ૧૩ લોકો યાત્રા કરી રહ્યા હતા. અધિકારીઓએ લાપતા થયેલા વિમાનની શોધખોળ માટે જુદા જુદા વિમાનોની મદદ લીધી છે. નોકા સેનાના પી-૮ આઈ વિમાનની મદદ લેવામાં આવી છે. આજે હવાઈ દળે પણ સર્ચ

● અનુસંધાન પાન-૭ પર






# મોનસુન કમજોર રહેવાની શંકાથી દેશભરમાં ચિંતાનું મોજુ

**૧૦ થી ૧૫ દિવસનો વિલંબ મોનસુનમાં થશે : ભીષણ ગરમીથી હાલમાં કોઈ રાહત મળે તેવી સંભાવના નથી : પારો ૪૫ થી ૫૦ની વચ્ચે રહેવાની ચેતવણી જારી**

નવી દિલ્હી, તા. ૫

ખરીફના પાકની વાવણી માટે વાદળોથી આશા લગાવીને રહેલા ખેડુતોને મોનસુનથી મોટો ફટકો પડી શકે છે. હવામાન વૈજ્ઞાનિક સમર ચૌધરીના કહેવા મુજબ આ વર્ષે મોનસુન કમજોર રહેવાની સંભાવના છે. ચૌધરીએ ખાનગી હવામાન સંસ્થા સ્કાયમેટને આપેલી માહિતીમાં કહ્યું છે કે, આગામી બે દિવસમાં મોનસુન કેરળમાં એન્ટ્રી આપી શકે છે. દિલ્હી અને એનસીઆરમાં મોનસુન સામાન્ય રીતે જુનના છેલ્લા સપ્તાહ સુધી પહોંચે છે. પરંતુ આ વર્ષે તે ૧૦થી ૧૫ દિવસ મોડેથી પહોંચી શકે છે. એટલુ જ નહીં સમર ચૌધરીએ કહ્યું છે કે, પ્રી મોનસુન વરસાદ પણ ખુબ જ ઓછો રહ્યો છે. જે ૬૫ વર્ષમાં બીજી વખત આવી સ્થિતિ સર્જાઈ છે. સામાન્ય રીતે પ્રી મોનસુન વરસાદ ૧૩૫ મિલીમીટર સુધી હોય છે. પરંતુ આ વર્ષે ૯૯ મિલીમીટર સુધી વરસાદ થયો છે. મોનસુનના આગમનવાળા ક્ષેત્રોમાં અલનિનોના સક્રિય થઈ જવાના લીધે આ પ્રકારની સ્થિતિ સર્જાઈ રહી છે. અત્રે નોંધનીય છે કે, ઉત્તર ભારત, મધ્ય ભારત અને દેશના પશ્ચિમ ઉપરાંત સહિત મોટાભાગના હિસ્સામાં કાળઝાળ ગરમીનું મોજુ ફરી વળ્યું છે. પશ્ચિમી રાજસ્થાનના અનેક ભાગોમાં પારો ૪૮ સુધી પહોંચી ગયો છે. મોનસુનના વિલંબથી સંકેત મળી રહ્યા છે કે, ગરમીમાં કોઈ ઘટાડો થશે નહી. લોકોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડશે. મોનસુનમાં વિલંબને લીધે અર્થતંત્રને પણ નુકસાન થઈ શકે છે. રાજસ્થાનની સાથે સાથે બિહાર, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર સહિતના રાજ્યોમાં ભીષણ ગરમી પડી રહી છે. મોનસુનની આગાહી વચ્ચે સમગ્ર ઉત્તર ભારતમાં ભીષણ ગરમી પડી રહી છે. જેના કારણે હાહાકાર મચી ગયો છે. આજે પણ દેશના અનેક ભાગોમાં પારો ૪૫થી ૪૮ની આસપાસ રહ્યો હતો.

## કેરળમાં નિપાહ વાયરસ અંગે તપાસ

કોચી,તા.૫

ઉત્તર કેરળના બે જિલ્લામાં નિપાહ વાયરસના કારણે ૧૭ લોકોના મોત થયાના એક વર્ષ બાદ આ બિમારી ફરી એકવાર પ્રદેશમાં દેખાઈ રહી હોવાના અહેવાલ મળ્યા બાદ સરકાર હચમચી ઉઠી છે. ૨૩ વષીય એક કોલેજના વિદ્યાર્થીમાં આ રોગના લક્ષણ દેખાયા બાદ ઉંડી શોધખોળ ચાલી રહી છે. સાવચેતીના તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. સરકારે કહ્યું છે કે, જુદા જુદા જિલ્લાના ૩૧૧ લોકો ઉપર નજર રાખવામાં આવી રહી છે. આ વિદ્યાર્થી આ ૩૧૧ લોકોના સંપર્કમાં આવ્યો હતો. કેરળના આરોગ્ય મંત્રી કેકે શેલજાએ કહ્યું છે કે, પૂણે સ્થિત સંસ્થા એનઆઈવીમાં વિદ્યાર્થીના લોહીના નમૂનાની ચકાસણી કરવામાં આવી રહી છે.


